# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 05-11-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## ટેકાના ભાવે ખરીદી

**રાજ્ય સરકાર આગામી નવ નવેમ્બરથી મગફળી, સોયાબીન, મગ અને અડદની ટેકાના ભાવે ખરીદી શરૂ કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા સંદેશમાં આ અંગે માહિતી આપતા કહ્યું, કમોસમી વરસાદની અણધારી આફતના કારણે રાજ્યના અનેક ખેડૂતોના પાકને નુકસાન થયું છે. ત્યારે સરકાર ખેડૂતોની પડખે ઊભી છે. કુદરતી આપત્તિની આ સ્થિતિમાં સરકારે ખેડૂત પરિવારોની આર્થિક સુખાકારીની ચિંતા કરી છે.**

**--------------------------------------------------------------------------------------------**

## હર્ષ સંઘવીની આગેવાની હેઠળ IPS અધિકારીઓ સરહદી ગામડાની મુલાકાતે

**રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની આગેવાની હેઠળ ૩૦ સિનિયર IPS અધિકારીઓની ટીમ ભારત-પાકિસ્તાન સરહદ પરના અલગ-અલગ ગામડાઓની મુલાકાત માટે જશે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સીમાવર્તી વિસ્તારોની સર્વગ્રાહી સમીક્ષા અને ગ્રામજનો સાથે સીધો સંવાદ સ્થાપિત કરવાનો છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આવતીકાલે ભુજ સર્કિટ હાઉસ ખાતેથી આ કાર્યક્રમનો વિધિવત પ્રારંભ કરશે. આ મુલાકાત દરમિયાન સીમાવર્તી ગામોના સરપંચો અને ગ્રામજનો સાથે મુલાકાત, રાત્રી ખાટલા સભા અને સંવાદ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, સમગ્ર ટીમ ખાસ કરીને ગામડાઓની મહિલાઓ અને યુવાઓ સાથે સંવાદ કરીને તેમની સમસ્યાઓ અને પડકારોને નજીકથી જાણવાનો પ્રયાસ કરશે.**

સરહદી સુરક્ષાના વિષયો જેવા કે એન્ટીનેશનલ એક્ટિવિટીઝ અને બોર્ડર પેટ્રોલિંગ ઓપરેશન અંગે **BSF** અધિકારીઓ સાથે ખાસ બેઠકનું આયોજન કરાયું છે. સાથે જ **BSF** જવાનો સાથે પણ સંવાદ કરવામાં આવશે

**-----------------------------------------------------------------------------------------**

## BSF ના ડીજી કચ્છની મુલાકાતે

ભુજ ખાતે આગામી દિવસોમાં આયોજિત બીએસએફના સ્થાપના દિવસની કાર્યક્રમની તૈયારીઓની સમીક્ષા માટે પધારેલા બીએસએફના ડીરેક્ટર જનરલ દલજીત ચૌધરીએ ટીમ કચ્છના સ્પીરીટને બિરદાવીને ઓપરેશન સિંદૂર દરમિયાન કચ્છ જિલ્લા વહીવટીતંત્રની શ્રેષ્ઠ કામગીરી અને સંકલનને અભૂતપૂર્વ ગણાવ્યું હતું.

બીએસએફના ડીરેકટર જનરલ દલજીત ચૌધરીએ ભુજ ખાતેના બીએસએફના પ્રાદેશિક મુખ્યાલય અને મુન્દ્રા રોડ પાસે આવેલ **176** બટાલિયનની મુલાકાત લીધી હતી. આગામી **21** નવેમ્બરના સીમા સુરક્ષા દળના સ્થાપના દિવસ નિમિત્તે **176** બટાલિયન ખાતે યોજાનારી રાઇઝિંગ ડે પરેડની તૈયારીનું  ડીજીએ નિરીક્ષણ કર્યું હતું. આ બાબતે સીમા સુરક્ષ દળના તમામ અધિકારીઓ સાથે બેઠક યોજી અને જરૂરી સૂચનો કર્યા હતા. આ પ્રસંગે ડીરેક્ટર જનરલ દલજીત ચૌધરીએ કચ્છ કલેકટર આનંદ પટેલ અને પશ્ચિમ કચ્છ પોલીસ વડા વિકાસ સુંડાને ઓપરેશન સિંદૂર દરમિયાન બીએસએફ સાથેના સંકલન બદલ પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

**-----------------------------------------------------------------------------------------**

## કચ્છમાં એકતા પદયાત્રા

ગુજરાત સરકાર દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મજયંતીના અવસર પર આયોજિત એક રાષ્ટ્રવ્યાપી જન અભિયાન અંતર્ગત "યુનિટી માર્ચ" એકતા પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પદયાત્રાની તૈયારીઓ અને આયોજનના ભાગરૂપે જિલ્લા કલેક્ટર આનંદ પટેલની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી ભુજ ખાતે બેઠક યોજાઈ હતી. આ ઉજવણી સંદર્ભે

એક રથનું આગમન થશે આ સાથે જ કચ્છમાં વિધાનસભા વિસ્તારવાઈઝ એકતા યાત્રા સ્થાનિક મહાનુભાવોઓ, પદાધિકારીઓ, રમતવીરો, સરકારી સંસ્થાઓ, સહકારી સંસ્થાઓ, NCC, NSS કોલેજના સંયુક્ત સહકારથી યોજાશે. 9 નવેમ્બરના અબડાસા, 10ના રાપર, 13ના માંડવી, 14ના અંજાર, 15ના ભુજ અને 16 નવેમ્બરના ગાંધીધામ ખાતે એકતા યાત્રા યોજાશે. યાત્રા દરમિયાન વૃક્ષારોપણ, એનએસએસ કેમ્પ પ્રતિમાઓની સફાઈ અભિયાન, સ્વચ્છતા અભિયાન, એકતા શપથ, આરોગ્ય શિબિર, સ્વદેશી ભારત આત્મનિર્ભર ભારત, યોગ શિબિર, શાળા કક્ષાએ વિવિધ સ્પર્ધાઓ યોજાશે.

-----------------------------------------------------------------------------------------------

## નખત્રાણામાં રસ્તાના કામોનું ખાતમુહૂર્ત

કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અંતરિયાળ ગામોના ધોરી માર્ગ સાથે જોડવાના અભિયાન અંતર્ગત નખત્રાણા તાલુકાના વિવિધ ગામોના માર્ગ-મકાન વિભાગ હસ્તકના માર્ગને જોડતા રસ્તાઓના નિર્માણ માટે રૂા. 785.22 લાખના ખર્ચકામનું ખાતમુહૂર્ત ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં કરાયું હતું.

-----------------------------------------------------------------------------------------------

## સુપરમૂનનો નજારો

આજે રાત્રે વર્ષ 2025નો સૌથી તેજસ્વી અને સૌથી મોટો ચંદ્ર એટલે કે સુપરમૂનનો અવકાશી નજારો જોવા મળશે. ઑક્ટોબર 2025 થી જાન્યુઆરી 2026 સુધીના ચાર સુપરમૂનની શ્રેણીનો આ બીજો સુપરમૂન છે. આ અસાધારણ પૂર્ણ ચંદ્ર સામાન્ય કરતાં લગભગ 14 ટકા મોટો અને 30 ટકા વધુ તેજસ્વી દેખાશે, કારણ કે તે પૃથ્વીના સૌથી નજીકના બિંદુ - સુધી પહોંચશે. ગુજકોસ્ટ સંલગ્ન સંસ્થા રિજનલ સાયન્સ સેન્ટર ભુજ ખાતે અને કચ્છમિત્ર જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર ભુજ દ્વારા વ્યાયામ શાળા ખાતે સાંજે સાડા છ વાગ્યાથી સૂપરમૂનનો અવકાશી નજારો જોવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

-----------------------------------------------------------------------------------------------

## હવામાન

અરબી સમુદ્રમાં સર્જાયેલા ડિપ્રેસનની અસર તળે છેલ્લા કેટલાય દિવસોથી કચ્છમાં ધાબડિયો માહોલ સર્જાયો હતો. કમોસમી વરસાદ બાદ હવે વાતાવરણ સ્વચ્છ થયુ છે. આજે વહેલી સવારે કચ્છના વિવિધ વિસ્તારોમાં ભારે ઝાકળવર્ષા થઇ હતી. ગાઢ ધુમ્મસના કારણે માર્ગો પર વાહન ચાલકોને હેડલાઇટ ચાલુ કરવાની ફરજ પડી હતી. ભારે ઝાકળ વર્ષાથી માર્ગો ભીંજાયા હતા. હવામાન વિભાગે આગામી સપ્તાહ દરમિયાન વાતાવરણ સ્વચ્છ રહેવાની આગાહી કર છે સાથે જ ઉત્તરભારતના પહાળી વિસ્તારોમાં બરફ વર્ષા શરૂ થતા કચ્છમાં શિયાળાની પક્કડ વધુ મજબૂત થવાની સંભાવના છે. તાપમાનની વાત કરીએ તો આજે નલિયામાં લઘુત્તમ તાપમાન 19 ડિગ્રી અને ભુજમાં 22.6 ડિગ્રી નોંધાયું છે.

---------------------------------------------------------------------------------------